રાજભવન, ગાંધીનગર
તા. ૨૦-૦૧-૨૦૧૫

**સૂર્યા એકલવ્ય સૈનિક સ્કૂલ ખેરંચાના આદિજાતિના વિદ્યાર્થિઓ દ્વારા કરાયેલ વિવિધ શાળાકીય પ્રવૃત્તિઓનું નિદર્શન નિહાળતા રાજયપાલશ્રી**

---

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીની ઉપસ્થિતિમાં ગઈકાલે રાજભવન ખાતે અરાવલ્લી જિલ્લાના ખેરંચા ખાતે આવેલી સૂર્યા એકલવ્ય સૈનિક શાળામાં અભ્યાસ કરતા આદિજાતિના બાળકોએ વિવિધ શાળાકીય પ્રવૃત્તિઓનું સુંદર નિદર્શન કર્યું હતું.

સૂર્યા ફાઉન્ડેશન દ્વારા સંચાલિત આ સૈનિક સ્કૂલમાં આદિવાસી સમાજના બાળકોના શારીરિક-માનસિક તથા શૈક્ષણિક વિકાસ થાય અને રાષ્ટ્રપ્રેમ તથા નૈતિક મૂલ્યોનું સિંચન થાય તેવા પ્રયાસો કરવામાં આવે છે, એમ સંચાલક શ્રી જયપ્રકાશ અગ્રવાલે જણાવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાતના રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે આ સૈનિક શાળાના બાળકોના સર્વાંગી વિકાસ માટે જે પ્રયાસો કર્યા છે તે બિરદાવવા યોગ્ય છે.

રાજયપાલશ્રીએ શાળાના બાળકોને રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ રમતગમત ક્ષેત્રે સારો દેખાવ કરવા માટે પુરસ્કારો પણ અર્પણ કર્યા હતા.

આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ વિભાગના સચિવ શ્રી આર.સી. મીના તથા ફાઉન્ડેશનના સદસ્યો અને શિક્ષકો ઉપસ્થિત રહયા હતા.

××××

પ્રેસ સચિવ